# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **બનાસકાંઠામાંથી નવા વાવ -થરાદ જિલ્લા સહિત રાજ્યમાં નવા 17 તાલુકાની રચનાને રાજ્ય મંત્રીમંડળની મંજૂરી.**
2. **ગાંધીનગરમાં “સ્ટાર્ટઅપ કોન્કલેવ-2025”નું સમાપન- 84 સમજૂતી કરાર સાથે નવા ઉદ્યમીઓને 232 કરોડ રૂપિયાનું રોકાણ પ્રાપ્ત**
3. **અનુસુચિત જાતિના 510 લાભાર્થીઓને વિવિધ યોજનાઓ માટે 20 કરોડ રૂપિયાનું ધિરાણ અપાશે.**
4. **બે દિવસ બાદ રાજ્યમાં ભારે વરસાદની આગાહી**
5. **બાંગ્લાદેશને 41 રનથી હરાવીને ભારતનો એશિયા કપ 2025ની ફાઇનલમાં પ્રવેશ.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# NEW TALUKA

રાજ્યમાં નવા 17 તાલુકાઓની જાહેરાત કરવામાં આવી છે. ગઈકાલે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં બનાસકાંઠામાંથી નવો વાવ-થરાદ જિલ્લો તેમજ હાલના રાજ્યના 21 તાલુકામાંથી નવા 17 તાલુકાની રચના કરવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે. આ સાથે રાજ્યમાં તાલુકાઓની સંખ્યા હવે 265 થશે. સાંભળીએ એક અહેવાલ...

## (વોઇસ કાસ્ટ : હિના મોદી)

*મહીસાગરના સંતરામપુર અને પંચમહાલના શહેરામાંથી ગોધર તથા લુણાવાડામાંથી કોઠંબા તાલુકાની રચના કરાઇ છે. જ્યારે નર્મદાના ડેડીયાપાડામાંથી ચીકદા, વલસાડના વાપી ગ્રામ્ય, કપરાડા અને પારડીમાંથી નાનાંપોંઢા, બનાસકાંઠા જિલ્લાના થરાદમાંથી રાહ, વાવમાંથી ધરણીધર, કાંકરેજમાંથી ઓગડ, દાંતામાંથી હડાદ, દાહોદ જિલ્લાના ઝાલોદમાંથી ગોવિંદગુરૂ લીમડી અને ફતેપુરામાંથી સુખસર તાલુકાની રચનાને મંજૂરી અપાઈ છે. છોટાઉદેપુર જિલ્લાના જેતપુર પાવીમાંથી કદવાલ, ખેડા જિલ્લાના કપડવંજ અને કઠલાલમાંથી ફાગવેલ, અરવલ્લીના ભિલોડામાંથી શામળાજી અને બાયડમાંથી સાઠંબા, તાપીના સોનગઢમાંથી ઉકાઈ, સુરત જિલ્લાના માંડવીમાંથી અરેઠ અને મહુવામાંથી અંબિકા તાલુકાની રચના કરવામાં આવી છે.*

*હિના મોદી પ્રાદેશિક સમાચાર વિભાગ અમદાવાદ*

---

# START-UP CONCLAVE

ગાંધીનગરમાં યોજાયેલા બે દિવસીય "સ્ટાર્ટઅપ કોન્કલેવ- એક્ઝિબિશન-2025"નું ગઇકાલે સમાપન થયું. દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં 84 સમજૂતી કરાર MOU અને નવા ઉદ્યમીઓને 232 કરોડ રૂપિયાનું રોકાણ પ્રાપ્ત થયું.

આ અંગે માહિતી આપતા રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું , નવીનતાના નવા વિચાર દ્વારા આજનો યુવાન બીજાને રોજગારી આપવા સક્ષમ છે. યુવાનોના ઈનોવેટીવ વિચારોને પ્રોત્સાહન મળે તે હેતુથી આગામી સમયમાં રાજ્યમાં વિસ્તાર મુજબ નવીનતા કેન્દ્ર-i-Hub બનાવાશે.

**(બાઇટ : ઋષિકેશ પટેલ)**

આ કોન્કલેવમાં, કુલ 18 હજારથી વધુ ઉદ્યમીઓ-વિદ્યાર્થીઓ સહભાગી થયા.

---

## NAVRATRI TRIJO DIVAS

હવે સાંભળીએ નવરાત્રિના સમાચાર..

**(MUSIC)**

ભક્તિ અને આરાધનાના પાવન પર્વ શારદીય નવરાત્રિના ત્રીજા દિવસે માઁ દુર્ગાના ચંદ્રઘંટા સ્વરૂપની પૂજા-અર્ચના કરાય છે. આ વર્ષે તૃતીયા તિથિમાં વધારો થવાને કારણે દેવી ચંદ્રઘંટાની બે દિવસ પૂજા

કરવામાં આવી રહી છે . નવરાત્રિ નિમિત્તે ભક્તો ગરબે ઘૂમીને માતાજીની આરાધનામાં મગ્ન બન્યાં છે. દરમિયાન રાજ્યભરના ધાર્મિક સ્થાનોમાં ભક્તોની ભીડ ઉમટી રહી છે. સાંભળીએ એક અહેવાલ...

# વોઇસ કાસ્ટ : સવજી ચૌધરી

# (MUSIC)

---

## SC LABHARTHI DHIRAN

રાજ્યના અનુસુચિત જાતિના 510 લાભાર્થીઓને વિવિધ યોજનાઓ અંતર્ગત 20 કરોડ રૂપિયાનું ધિરાણ પૂરૂં પડાશે.

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાએ અનુસૂચિત જાતિના સ્વરોજગારલક્ષી તેમજ થ્રી વ્હીલર યોજનાના લાભાર્થીઓની ગાંધીનગર ખાતેથી કોમ્પ્યુટરાઇઝ ડ્રો દ્વારા પસંદગી કરી હતી. જે અંતર્ગત પસંદગી પામેલા લાભાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા નજીવા દરે ધિરાણ આપવામાં આવે છે.

આ પ્રસંગે શ્રીમતી બાબરિયાએ જણાવ્યુ કે વર્ષ 2025-26 માટે અનુસૂચિત જાતિ વિકાસ નિગમની વિવિધ યોજના માટે રાજ્યમાંથી કુલ 13 હજાર 209 અરજીઓ મળી હતી. જેમાં ઓનલાઇન ડ્રો દ્વારા 1 હજાર 275 લાભાર્થીઓની પસંદગી કરાઇ છે.

---

## GAURAV PURSKAR

વન અને પર્યાવરણ મંત્રી મુળુ બેરાની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે "ગૌરવ પુરસ્કાર" અર્પણ સમારોહ યોજાયો. ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી દ્વારા યોજાયેલા સમારોહમાં કુલ 26 કલાકારોને પુરસ્કૃત કરાયા હતા.

આ પ્રસંગે શ્રી બેરા એ અમદાવાદમાં 100 કરોડ રૂપિયાના ખર્ચથી અત્યાધુનિક આર્ટ ગેલેરીના ભવનના નિર્માણની જાહેરાત કરી હતી. તેમણે 27 સપ્ટેમ્બરે અમદાવાદ ખાતે યોજનારી વિકસિત ભારત મેગા ચિત્ર સ્પર્ધામાં જોડાવવા કલાપ્રેમીઓને અનુરોધ કર્યો હતો.

---

## SWACHCHHTA HI SEVA NSS

સ્વચ્છતાની સેવા અભિયાન અંતર્ગત રાષ્ટ્રીય સેવા યોજના એનએસએસ દ્વારા ગુજરાતમાં વિવિધ સ્થળોએ સ્વચ્છતા અભિયાન હાથ ધરી 800 કિલો પ્લાસ્ટિકનો કચરો એકઠો કરવામાં આવ્યો.

આ અંગે વધુ માહિતી આપતા ગુજરાત NSSના પ્રાદેશિક નિયામક ડોક્ટર કમલકુમાર કારે જણાવ્યું કે આ અભિયાનમાં 23,500 જેટલા સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.

## બાઈટ કમલકુમાર કાર

---

## WEATHER FORECAST

બે દિવસ બાદ રાજ્યમાં ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી બે દિવસ રાજ્યમાં ભારે વરસાદની શક્યતા નહિવત્ છે જોકે ત્યારબાદ યલો એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે સૌરાષ્ટ્રમાં 30 સપ્ટેમ્બરે ભારે વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યુ હતું.

---

# GST REFORMS REVIEW

કેન્દ્ર સરકારે 22 સપ્ટેમ્બરથી આગામી પેઢીના વસ્તુ અને સેવા કર GST સુધારાનો અમલ કર્યો છે. જેને નાગરિકો તરફથી બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. GST સુધારાના અમલીકરણ અંગે, સુરતના એક વેપારીએ પ્રતિભાવ આપ્યો.

(બાઇટ : SHOPKEEPER)

---

# ASIA CUP CRICKET - IND BAN

ભારતે સુપર ફોરમાં બાંગ્લાદેશને 41 રનથી હરાવીને એશિયા કપ 2025ની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. દુબઈમાં પ્રથમ બેટિંગ માટે આમંત્રણ મળ્યા બાદ , ભારતે નિર્ધારિત 20 ઓવરમાં 6 વિકેટે 168 રન બનાવ્યા , જેમાં અભિષેક શર્માના 37 બોલમાં 75 રન અને હાર્દિક પંડ્યાના 38 રનનો સમાવેશ થાય છે. 169 રનના લક્ષ્યાંકનો પીછો કરતાં બાંગલાદેશ 127 રનમાં ઓલઆઉટ થયું હતું. અભિષેક શર્માને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો.

---

# PORBANDAR SHALIMAR TRAIN STATION CHANGE

પોરબંદર સ્ટેશનથી ઊપડતી પોરબંદર –શાલિમાર સુપરફાસ્ટ એક્સપ્રેસ આજે પોરબંદરને બદલે અમદાવાદ જંકશન સ્ટેશનથી ઉપડશે. આ ટ્રેન અમદાવાદ જંકશનથી સાંજે 5 વાગીને 40 મિનિટે પ્રસ્થાન કરશે.

પેયરિંગ રેકમાં થયેલા વિલંબને કારણે આ ટ્રેનને પોરબંદર અને અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ કરાઇ છે. રેલ્વે દ્વારા મુસાફરોને આ ફેરફાર ધ્યાનમાં રાખીને મુસાફરીની યોજના બનાવવા જણાવાયું છે.

---